# જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠક મળી



**મહીસાગર**

જિલ્લા કલેકટર ડૉ. મનિષકુમારના અધ્યક્ષસ્થાને કલેકટરાલય ખાતે મહીસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્યો સર્વ જીજ્ઞેશભાઈ સેવક અને અજીતસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં સાંસદ-ધારાસભ્યઓ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નો પરત્વે જિલ્લા કલેકટર ડૉ. મનિષકુમારએ સબંધિત વિભાગના અધિકારીઓને સત્વરે હકારાત્મક ઉકેલ આવે તે દિશામાં કામગીરી કરી જનપ્રતિનિધિઓના પ્રશ્નો અને કામોનો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવાની તાકીદ કરી હતી.

કલેકટરએ અધિકારીઓને જનસુખાકારીના અને વિકાસના કામોને અગ્રતા આપી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરી જન-જનની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય હોવાનું જણાવી જનહિતને લગતા વિજળી, પીવાના પાણીના, રસ્તાના, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ જેવા પ્રશ્નો સત્વરે પૂરાં તે જોવાનો અનુરોધ કર્યો હતો.

બેઠક દરમિયાન વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીઓ દ્વારા પોતાના વિભાગની કરવામાં આવેલ કામગીરી સહિત પૂરાં કરવામાં આવેલ નિર્ધારીત લક્ષ્યાંકો અને સિધ્ધિ રજૂ કરતી વિગતોનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.જેને જિલ્લા કલેકટર ડૉ. મનિષકુમારએ નિહાળીને સંબંધિત અધિકારીઓને હજે પણ જે લક્ષ્યાંકો નિર્ધારીત કરવામાં આવ્યા છે અને પૂર્ણ નથી થયા તેવા લક્ષ્યાંકો ઝડપથી પૂરાં થાય તે માટે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડી રચનાત્મક સૂચનો કર્યા હતા.

કલેકટર ડૉ. મનિષકુમારએ જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીઓને બેઠકને લગતા પત્રકો અને ડેટા એન્ટ્રી સમયસર થાય તેની ખાસ કાળજી રાખવા પર ભાર મૂકી પડતર અરજીઓનો ત્વરિત નિકાલ થાય તે જોવા સુચવ્યું હતું. વધુમાં તેમણે નાગરિક અધિકાર પત્ર, તપાસણી બાકી કેસો, સરકારી લેણાંની વસૂલાત, પેન્શન કેસો વિગેરે જેવી બાબતોની સમીક્ષા કરી કોઈપણ પ્રશ્નો પડતર રહેવા ન પામે જોવા સંબંધિક અધિકારીઓને જણાવ્યું હતું.


આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, જિલ્લા પોલીસ વડા રાકેશ બારોટ, અધિક નિવાસી કલેકટર એ. આઈ. સુથાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે. કે જાદવ, તમામ પ્રાંત અધિકારીઓ સહિત જિલ્લાના તમામ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાવોલ ગામે દલિત યુવકના વરઘોડા પર પથ્થરમારો થતા ૪ને ઇજાઓ થતા ૮ ઇસમો વિરુદ્ધ ફરિયાદ નોધાઇ

**ઇડર**

ઈડર તાલુકાના રાવોલ ગામે તા ૧૯-૫-૨૨ ને રાત્રે રોહિતકુમાર મહેન્દ્રભાઈ પરમારના નાના ભાઇનુ લગ્ન હોવાથી વરઘોડો નીકળ્યો હતો જે વરઘોડો રામદેવજી મહારાજના મંદિરે પહોચેલ તે સમયે ગામના મેઠાજી રવાજી ઠાકરડા તમારી જ્ઞાતિનો વરઘોડો આટલે સુધી આવેછે અને અહિથી તમારો વરઘોડો પાછો લઈ જાઓ તેમ કહિ બિભત્સ ગાળો બોલી જાતિવિષયક અપમાનીત કરી ત્યારબાદ વરઘોડો વિષ્ણુભાઈ ઉર્ફે વિષ્ણુપ્રસાદ સોમેશ્વર ત્રિવેદી ના ઘર પાસે પહોચતા તેમની સ્કુટી રોડ વચ્ચે પડેલી હતી જે સ્કુટીને સાઈડમા લેવાનુ કહેતા વિષ્ણુભાઈએ પણ જાતિવિષયક અપમાનિત કરી તમારો વરઘોડો નીકળતો નથી તેમ કહેલ ત્યારબાદ ભુપતજી સેધાજી ઠાકોર, રણજીતજી મણાજી ઠાકોર, રમેશજી બાબુજી ઠાકોર, કીશનજી વિનુજી ઠાકોર, મિત નિલકંઠભાઈ વ્યાસ તથા અલ્કેશ કુટરમલ સોની એ એકસંપ થઈ ચાલુ વરઘોડા ઉપર અંધારાનો લાભ લઈ છુટા પથ્થરો મારતા દિપકકુમાર મહેન્દ્રભાઈ પરમાર તથા વિભાબેન કાંતિભાઈ પરમાર તથા સુપ્રિયાબેન ગણેશભાઈ પરમાર તેમજ નરેશભાઈ અમૃતભાઈ પરમાર ને પથ્થરો વાગતા ઈજાઓ થયેલ આ ઘટના અંગે જાદર પોલીસ સ્ટેશન ખાતે જાણ કરાતા જાદર પોલીસે રાવોલ ગામે ઘટના સ્થળે પહોચી ગઈ હતી અને આ ઘટના અંગેની ફરિયાદ રોહિતકુમાર મહેન્દ્રભાઈ પરમારે ૮ ઈસમો વિરુદ્ધ જાદર પોલીસ સ્ટેશને ફરિયાદ નોધાવતા એટ્રોસીટી તથા જી.પી.એક્ટ મુજબ ફરિયાદ નોધાતા એસ.સી.એસ.ટી સેલના નાયબ પોલીસ અધિક્ષકે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# હળવદની સરકારી હોસ્પિટલમાં આંખલો ઘુસી જતાં દવાઓ રમણભમણ



**હળવદ**

હળવદ તાલુકાના ટીકર ગામે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલાવવાની દવાઓનો જથ્થો હળવદ સરકારી હોસ્પિટલના રૂમમાં રાખવામાં આવ્યો હતો ત્યાં શુક્રવારે સાંજે હોસ્પિટલથી પર જતાં સ્ટાફના માણસો રૂમનો દરવાજો બંધ કરવાનું ભુલી ગયા હતા જેથી કરીને એક રજડતો ખુટિયો તે રૂમમાં ઘૂસી ગયો હતો અને દવાના બોક્સ અને દવાઓ ખાવા લાગ્યો હતો જેથી હોસ્પિટલના સ્ટાફમાં દોડધામ મચી જવા પામી હતી અને બે કલાકની મહેનત બાદ તેને રૂમમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો પરંતુ આ રૂમમાં મૂકવામાં આવેલ દવાઓ રમણભમણ કરી નાખી હતી ત્યારે જવાબદાર અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે કે નહી તે સવાલ છે.

# ૨૨ મે રવિવારે રસીકરણ મહાઅભિયાન- મહેસાણા જિલ્લામાં રસીકરણથી સુરક્ષિત કરવા હર ઘર દસ્તક કામગીરી

## હેલ્થ કેર વર્કર, ફ્રન્ટલાઇન વર્કર અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લાભાર્થીઓ માટે સરકાર દ્વારા બે ડોઝ ઉપરાંત પ્રિકોશન ડોઝની કામગીરી આગામી રવિવારના રોજ કરવામાં આવશે

**મહેસાણા**

મહેસાણા જિલ્લામાં રવિવાર ૨૨ મે ના રોજ રસીકરણ મહાઅભિયાન કાર્યક્રમ યોજાવાનો છે.જેમાં પ્રથમ ડોઝ,બીજો ડોઝ સહિત હેલ્થ કેર વર્કર, ફ્રન્ટલાઈન વર્કર અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લાભાર્થીઓ માટે સરકાર દ્વારા બે ડોઝ ઉપરાંત પ્રિકોશન ડોઝની કામગીરી આગામી રવિવારના રોજ કરવામાં આવનાર છે.જે કાર્યક્રમ અતર્ગત આરોગ્ય કેન્દ્ર સહિત ડોર ટુ ડોર (હર ઘર દસ્તક) રસીકરણ આપવાનું આયોજન જિલ્લા કલકટર ઉદિત અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશના માર્ગદર્શનની આયોજન કરાયું છે મહેસાણા જિલ્લામાં જાન્યુઆરી ૨૦૨૧ થી શરૂ થયેલ રસીકરણ મહાઅભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણની કામગીરીમાં સફળતા મેળવી છે. ૨૨ મે રવિવારના રોજ મહારસીકરણ અભિયાનમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રસીકરણ માટે ૩૧ મોબાઈલવાન અને ૩૩૪રસીકરણ બુથોની આગોતરી વ્યવસ્થા કરી છે.૧૫ થી ૧૭ વર્ષ,૧૨ થી ૧૪ વર્ષના લાભાર્થીઓને બીજો ડોઝ અને ૬૦ થી વધુ તેમજ ફ્રન્ટલાઈન વર્કરોને પ્રિકોશન ડોઝ મળી ૧,૧૬,૬૦૨ લાભાર્થીઓને રસીકરણથી સુરક્ષિત કરવાનું રવિવારે મેગા કેમ્પનું આયોજન કર્યું છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડો વિષ્ણું પટેલે જણાવ્યું હતું કે સરકારની સુચના મુજબ રસીકરણ કાર્યક્રમ અંતર્ગત હાલમાં હેલ્થ કેર વર્કર, ફ્રન્ટલાઈન વર્કર અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લાભાર્થીઓ માટે સરકાર દ્વારા બે ડોઝ ઉપરાંત પ્રિકોશન ડોઝની કામગીરી અમલમાં છે. જેના લાયક લાભાર્થીઓ પૈકી બાકી લાભાર્થીઓ તથા ૧૨-૧૭ વર્ષના લાયક લાભાર્થીઓ પૈકી બીજા ડોઝ માટે બાકી લાભાર્થીઓને વહેલી તકે વેકસીનથી રક્ષીત કરવાં જરૂરી છે. મહેસાણા જિલ્લામાં તા.૨૨/૦૫/૨૦૨૨ને રવિવારના રોજ મેગા કેમ્પનું આયોજન કરેલ છે. જેનો લાભ લેવાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ડો વિષ્ણું પટેલે અપીલ કરી છે.

# સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં ઈતિહાસમાં પ્રથમવાર મહાકાળી માઁ નગરચર્યાએ નીકળ્યા



**ઇડર**

વડાલી-ખેડબ્રહ્મા હાઈવે રોડ પર આવેલ સગર સમાજ સંચાલિત શ્રી નૂતન મહાકાળી માતાજી મંદિર ને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજતજયંતિ મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે આજે ત્રીજા દિવસે પાંચ ગામ સમસ્ત સગર સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે વડાલી શહેરમાં ઈતિહાસમાં સૌપ્રથમવાર ભવ્યાતિભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી જેમાં ૧૦૦૮ બાળાઓ કળશ અને શ્રીફળ લઈ જોડાઈ હતી. જેમાં ખાસ કરી ને રામાયણ-મહાભારત ના પાત્રો ની વેશભૂષા ની સાથે નાસિક થી ખાસ ઢોલ મંગાવવામાં આવ્યો હતો ત્યારે વડાલીના ઈતિહાસમાં સૌપ્રથમ ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટયું હતું.

# મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ધોળે દહાડે પેટ્રોલપંપના કર્મચારીને 3 શખ્સો દ્વારા લૂંટનો પ્રયાસ

**મહેસાણા**

મહેસાણા જિલ્લામાં લૂંટ, ચોરી અને હત્યા જેવા બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે ગુનેગારો ગુનાને બેફામ પણે અંજામ આપી રહ્યા છે. આજે કડીમાં આવેલા છત્રાલ રોડ પરની બેંક પાસે એક પેટ્રોલપંપના કર્મચારીને લૂંટવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનની ઘટના સામે આવી હતી.

કડીમા નંદાસણ રોડ પર આવેલા એન.સી.દેસાઈ પેટ્રોલપંપ પર ફરજ બજાવતો કર્મચારી આજે સવારે ૧૦ કલાકે કડી છત્રાલ રોડ પર આવેલા અશ્વમેઘ કોમ્પલેક્ષમાં એચડીએફસી બેંકમાં પૈસા જમા કરાવવા ગયો હતો. એ દરમિયાન કોમ્પલેક્ષ બહાર રોડ પર ત્રણ ઈસમો બાઈક લઈને ઉભા હતા જેમાં બે ઈસમો બાઈક રીપેર કરવાનો ઢોગ કરતા હતા અને એક ઈસમ રોડ પર કર્મચારીની રાહ જોઈ રહ્યો હતો.જેવો કર્મચારી બેંક તરફ આવતાની સાથેજ બાઈક પાસે બેસેલા ૩ શખ્સોએ કર્મચારીના મોઢા પર સ્પ્રે માર્યો હતો. જ્યા કર્મચારીએ પોતાના મોઢા પર ચશ્માં પેર્યા હોવાથી આંખ બચી ગઈ હતી અને લૂંટ કરવા આવેલા લૂંટારુઓએ પૈસા ભરેલ બેગ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. કર્મચારીએ લૂંટારુનો સામનો કર્યા બાદ બેગ લઈને બેંકમાં ભાગી ગયો હતો. લૂંટારુઓનો લૂંટ કરવાનો પ્લાન નિષફળ ગયો હતો. સમગ્ર ઘટનામાં લૂંટ કરવા આવેલા ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હતા. ઘટના મામલે કડી પોલીસ સ્ટેશન જાણ કરતા પોલીસે પણ આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

# ક્રિકેટ પર સટ્ટો રમતા ત્રણને નવસારી પોલીસે ઝડપી પાડ્યો

**નવસારી,તા.૨૧**

નસવાડી પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમીદાર થકી બાતમી હકીકત મળેલ કે નસવાડી ટાઉનમાં આવેલ એસ.બી સોલંકી હાઈસ્કુલની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં ઈન્ડીયન પ્રિમીયમ લીગ (આઈ.પી.એલ)-૨૦૨૨ રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપરકિંગ્સની ટીમો વચ્ચેની ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રમાડે છે તેવી બાતમી હકીકત આધારે સદરી બાતમી હકીકતવાળી જગ્યાએ રેઈડ કરી ત્રણ ઈસમોને ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તા.૨૦/૦૫/૨૦૨૨ ઈન્ડીયન પ્રિમીયમ લીગ-૨૦૨૨ ની ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર મોબાઈલ ફોનમાં ઓનલાઈન એપ્લીકેશન વેબસાઈટ દ્વારા હારજીતનો જુગાર રમી રમાડતા ત્રણ ઈસમોને કુલ ૨૩,૩૫૦/- ના મુદ્દામાલ સાથે નસવાડી પોલીસએ પકડી પાડ્યા.

# રોહિત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત સમૂહ લગ્નને ધારાસભ્યના આશિર્વાદ

**ઇડર**

સામાજિક ક્ષેત્રે હવે સમૂહ લગ્નનો એક નવો ટ્રેન્ડ જોવા મળે છે. જે આવકારદાયક છે. કેમ કે તેમાં લગ્નનો ખર્ચ બચે છે અને ઓછા ખર્ચે વધુ સારી રીતે એક જ સ્થળે એક કરતાં વધારે લગ્નો યોજાય છે. સાબરકાંઠામાં પણ આવો જ એક સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આજ રોજ હિંમતનગર તાલુકાના જાંબુડી ખાતે શ્રી સત્તાવીસ પરગણા રોહિત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત પ્રથમ સમૂહ



લગ્નોત્સવ પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિહ ચાવડા સાહેબ ઉપસ્થિત રહી નવદંપતિઓને સુખી દાંપત્ય જીવનની શુભકામનાઓ પાઠવી હતી. આ સમૂહ લગ્ન સમારોહમાં સાબરકાંઠા અનુસૂચિત જાતિ મોરચાના જિલ્લા પ્રમુખ રાજેશભાઈ પરમારે પણ ખાસ હાજરપી આપીને પ્રભુતામાં પગલાં પાડનારા તમામને શુભાશિષ આપી હતી.

# ખેતરના શેઢા ઉપરથી રૂ ૪૯ હજારની ડ્રીપની નળીઓના ૧૪ બંડલ ચોરાતા ફરિયાદ નોધાઈ

**ઇડર**

ઈડર તાલુકાના બડોલી કુકડીયા રોડ ઉપર આવેલ ખાતા નં ૧૦૩૪ વાળી જમીનના સાયરાવાળા નામથી ઓળખાતા ખેતરના શેઢા ઉપર મુકેલ ડ્રીપ એરીગેશનની નળીઓના બંડલ નંગ-૧૪ કિ.રૂ. ૪૯ ની તા ૧૬-૫-૨૨ થી તા ૧૭-૫-૨૨ ના કોઈપણ સમયગાળા દરમ્યાન કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ ગયેલ જે ચોરી થયા અંગે બડોલી ગામના ડાહીબેન જેઠાભાઈ પટેલે ડ્રીપ નળીઓના બંડલ ચોરી થયા અંગેની ફરિયાદ આજરોજ ઈડર પોલીસ સ્ટેશન ખાતે નોધાવતા ઈડર પોલીસ સ્ટેશનના હે.કો. હિરણસિંહે ફરિયાદ નોધી તપાસ હાથ ધરી હતી.

# ચાણસ્મા ખાતે કૉંગ્રેસ સમિતિ દ્વારા છાસ વિતરણ કરાયું




**પાટણ**

સ્વ રાજીવ ગાંધીની ૩૧મી પૂણ્યતિથી નિમિત્તે આજરોજ ચાણસ્મા તાલુકા મથકે સ્વર્ગસ્થ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૩૧મી પુણ્યતિથી નિમિતે ઠંડી છાસ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં સૌજન્ય દિનેશજી આતાજી ઠાકોર તથા ચાણસ્મા તાલુકા કોંગ્રેસ સમિતિ અને ચાણસ્મા શહેર કોગ્રેસ સંમિતિ દ્વારા છાસ વિતરણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું જેનો વધુમાં વધુ લોકોએ લાભ લીધો.

આ પ્રસંગે પ્રદેશ ડેલીકેટ દિનેશજી આતાજી ઠાકોર તથા તાલુકા કોગ્રેસ પ્રમુખ મનુભાઈ દેસાઈ . શહેર પ્રમુખ વરૂણભાઈ વ્યાસ. જિલ્લા ઉપપ્રમુખ રાજુલભાઈ પટેલ, નારાયણભાઈ રાવળ, દિનેશભાઈ ન્યાયી, સરતાનજી ઠાકોર , અભુજી ઠાકોર, માધવલાલ પટેલ, ભાવેશભાઈ પટેલ, તાલુકા અને શહેરના કોગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહી છાસ નું વિતરણ કરવામાં આવ્યુંહતુંજેમાં મોટી સંખ્યામાં લોકોએ બળબળતી ગરમીમાં છાશ પીવા નો લાભ લીધો હતો.

# સિવિલમાં તબીબે ગરીબ દર્દી પાસે ઈમ્પ્લાન્ટના પૈસા માંગતા વિવાદ

**સુરત,** નવી સિવિલમાં BPL કાર્ડધારક દર્દીના સબંધી પાસે રૂપિયાની માંગણી કરાતા વિવાદ થયો હતો.ઓર્થોપેડિક વિભાગના તબીબે નર્મદાના યુવકના ઓપરેશનના ઈમ્પ્લાન્ટ માટે રૂપિયા માંગ્યા હોવાની ફરિયાદ કરી પરિવારે હોબાળો મચાવ્યો હતો. ભગનીયાવડગામના ૪૨ વર્ષિય જગદીશ વસાવાને ૧૫મીએ અકસ્માત થતા ડાબા પગ અને થાપામાં ઈજા થઇ હતી. જગદીશ વસાવાને નવી સિવિલના ઓર્થોપેડિક વોર્ડમાં દાખલ કર્યા હતા. બાદમાં ડોક્ટર દ્વારા તેમની સર્જરી કરાઇ હતી. દર્દીના પરિવારના અરૂણાબેને સિવિલના તબીબી અધિક્ષકને લેખિતમાં ફરિયાદ કરી હતી કે બીપીએલ કાર્ડ હોવા છતાં ઓર્થોપેડિક વોર્ડના ડોક્ટર દ્વારા સિટી સ્કેન અને ઈમ્પ્લાન્ટના રૂપિયા માંગવામાં આવ્યા હતા.

**પશ્ચિમ રેલવે**

**શુધ્ધિપત્રક**

ટેન્ડર નોટીસ નં. EL-TRD-W-118-22-23-4 માટે તારીખ ૦૭/૦૫/૨૦૨૨ ઈ-ટેન્ડર નોટિસ નં. EL-TRD-W-118-22-23-4 તારીખ ૨૦/૦૫/૨૦૨૨. કામગીરીનો પ્રકારઃ મુંબઈ ડિવિઝનના વિરાર-જલગાંવ સેકશનમાં ટ્રેકશન અને ટ્રેકશનના પાવર ટ્રાન્સફોર્મરની વાર્ષિક કન્ડીશન મોનિટરિંગની કામગીરી. જાહેરાતની સુધારેલ કિંમતઃ રૂ.૫૮,૫૩,૯૮૦/- સુધારેલ અર્નેસ્ટ મનીઃ રૂા.૧,૧૭,૦૦૦/- રજુ કરવાની તારીખ અને સમયઃ ૦૭/૦૬/૨૦૨૨, ૧૫.૦૦ કલાક સુધી. ખુલવાની તારીખ અને સમયઃ ૦૭/૦૬/૨૦૨૨, ૧૫.૩૦ કલાક કામગીરીના પ્રકારની વિગતવાર માહિતી, ટેન્ડર ડોક્યુમેન્ટની કિંમત (નોન રિફન્ડેબલ), EMD લાયકાતના ધારાધોરણો, આ જ પ્રકારની કામગીરી, ટેન્ડરની વિગતવાર શરતો માટે કૃપા કરીને વેબસાઈ www.ireps.gov.in ની મુલાકાત લો. હાથે લખીને મોકલાવેલી ઓફરો ધ્યાન પર લેવાશે નહીં. 0111

Like us on: facebook.com/WesternRly

**LYKA LABS LIMITED**

4801 / B & 4802 / A, G.I.D.C. Industrial Estate, Ankleshwar- 393002.
CIN: L24230GJ1976PLC008738 • Website : www.lykalabs.com

**AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2022** (₹ in lakh)

| Sr. No. | Particulars | STANDALONE | | | CONSOLIDATED | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 31st March, 2022 | Year ended 31st March, 2022 | Quarter ended 31st March, 2021 | Quarter ended 31st March, 2022 | Year ended 31st March, 2022 | Quarter ended 31st March, 2021 |
| | | Audited | Audited | Audited | Audited | Audited | Audited |
| 1 | Total Income from Operations | 2,768.30 | 16,434.88 | 1,782.06 | 3,518.51 | 19,408.49 | 2,426.22 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 18.11 | 6,490.89 | (194.85) | 68.75 | 6,576.58 | (159.48) |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (262.20) | 6,024.06 | (364.45) | (211.56) | 5,924.70 | (264.72) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (1,523.54) | 3,990.23 | 23.21 | (1,506.99) | 3,899.97 | 113.50 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (1,494.39) | 4,002.92 | 52.58 | (1,476.52) | 3,913.98 | 144.97 |
| 6 | Equity Share Capital | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year*# | 1,574.85 | 1,574.85 | (2,428.08) | (1,535.15) | (1,535.15) | (5,448.67) |
| 8 | Earnings Per Share (of ? 10/- each)** (for continuing and discontinued operations) - 1. Basic: 2. Diluted: | (5.32) (5.32) | 13.87 13.87 | 0.07 0.07 | (5.26) (5.26) | 13.57 13.57 | 0.39 0.39 |

The standalone & consolidated audited financial results of the company for the quarter and year ended 31st March, 2022 have been reviewed by Audit Committee at their meeting held on 20th May, 2022 and approved by the Board of Directors in its meeting held on 20th May, 2022. The Statutory Auditors of the Company have reviewed above results for quarter and year ended 31st March, 2022.

Note :- The above is an extract of the detailed format of quarter and year ended financial results for 31st March, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly financial results are available on the Stock Exchanges Websites www.nseindia.com; www.bseindia.com and on company's website www.lykalabs.com.

Place: Mumbai
Date:- 20th May, 2022

For & on behalf of the Board of Directors
Sd/-
Kunal.N.Gandhi (DIN No: 01516156)
(Managing Director)